# ડીસાની રાજકમલ સોસાયટીમાં ૮.૧૫ લાખની ઘરફોડ ચોરી

ડિસા, તા. ૬

બનાસકાંઠાના ડીસામાં આવેલ રાજકમલ સોસાયટીમાં સમી સાંજે અજાણ્યા શખ્સો દ્વારા મકાનનું તાળુ તોડી આઠ લાખ પંદર હજાર પાંચસોની ચોરી કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે જેનાથી પોલીસતંત્ર દોડતુ થયુ હતું. જોકે ફરિયાદએ પોતાની ફરિયાદમાં આ ચોરી માટે પોતાના જ ઘરમાં કામ કરતી સગીર પર શક વ્યક્ત કર્યો હતો અને તે બાદની તપાસમાં આ સગીર યુવતીએ ચોરી કર્યાનું કબુલ્યું હતું. જેમાં તપાસ દરમ્યાન તેના ઘરમાંથી ચોરાયેલા દાગીના મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



આ ઘટનાની વિગત જોઈએ તો બનાસકાંઠાના ડીસામાં રાજકમલ સોસાયટીમાં રહેતા મહેશભાઈ મોરાજીભાઈ ઠક્કર એગ્રો સેન્ટર નામની દુકાનના વહેપારી છે જેઓ ગઈકાલે બપોરના સમયે જમીને દુકાને ગયા હતા, જ્યારે તેમની પત્ની અને પરિવારજનો તેમની દિકરાની વહુને અમદાવાદ મેડીકલ ચેકઅપ કરાવવાનું હોઈ અને રાત્રે આઠ વાગ્યે ડોક્ટરે વિઝીટ માટેનો સમય આપેલ હોઈ સાંજે ચાર વાગ્યે ઘર બંધ કરી અમદાવાદ જવા રવાના થયા હતા. તેવાજ સમયે સાંજના ચારથી સાંજના સાત વાગ્યા વચ્ચે આ બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. અને મકાનનો દરવાજો તોડી, તિજોરી તોડી, તિજોરીમાં પડેલ દાગીના, રોકડ સહિતનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. જોકે આ વાતથી અજાણ મકાન માલિક સાંજે સાત વાગ્યે ઘેર આવતા અને ઘરનો દરવાજો ખોલતા તે ખુલેલ નહિ અને તે બાદની તપાસમાં માલુમ પડેલ કે ઘરમાં ચોરી થઈ છે. વધુ તપાસમાં બહાર આવેલ કે સોનાની ચાર બંગડી, પાટળા, મંગળસૂત્ર, ચેઈન, બુટ્ટી, હાર અને સોનાનો સિક્કો ઘરના લાકડાના કબાટમાંથી ચોરી થયો છે. આ તમામ દાગીનાની કિંમત રૂ. આઠ લાખ પંદર હજાર પાંચસોની થતી હોઈ ફરિયાદી મહેશભાઈ ઠક્કરે ડીસા ઉત્તર પોલીસમાં ઘટનાની ફરિયાદ નોંધાવી હતી. જોકે તેમના ઘરે કામ કરતી કામવાળી પર તેમને શક હોઈ પોલીસે તેને બોલાવી ઘનિષ્ઠ તપાસ હાથ ધરતા આ સગીરા ભાંગી પડી હતી અને તેને આ ચોરીની કબુલાત કરી હતી. જે બાદ તેને ચોરી કરેલા દાગીના પોતાની ઘરની પેટીમાં સંતાડ્યા હોવાની કબુલાત કરતા પોલીસે પંચો રૂબરૂ દાગીનાનો કબ્જો મેળવ્યો હતો.

**માત્ર ૧૪ વર્ષીય કામવાળીએ માલિકોની ઘેર હાજરીમાં કરી હતી ચોરી**



## મોડાસામાં શૌચાલયના ખાળકૂવાને યોગ્ય રીતે બંધ નહી કરાતા હાલાકી

મોડાસા, તા. ૬

મોડાસા નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ શૌચાલય બનાવવાની કામગીરીમાં ખાળકૂવા ખુલ્લા છોડી દેવાતા લઘુમતી વિસ્તારના રહીશોમાં ભારે રોષ પ્રસર્યો હતો. જ્યારે એજન્સીના કોન્ટ્રાક્ટરે રહીશો જોડે તુમાખીભર્યું વર્તન કરતા અને તંત્રના સત્તાધીશોએ યોગ્ય કાર્યવાહી હાથ નહી ધરતા બુલાફળીના રહીશે ગાંધીચીંધ્યા માર્ગે માંગ ઉઠાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

સ્વચ્છતા મિશન હેઠળ નિર્ધારીત શૌચાલયનો લક્ષ્યાંક ઉતાવળે પૂર્ણ કરવા અને પ્રશસ્તિ પ્રમાણપત્ર મેળવાવની લ્હાયમાં નગરમાં શૌચાલયોના કામોમાં વેઠ ઉતારાઈ રહી હોવાની વ્યાપક ફરીયાદ ઉઠી હતી. નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલા શૌચાલયોના કામોમાં માર્ગ ઉપર ખોદવામાં આવતા શૌચાલયના ખાળકૂવા યોગ્ય રીતે બંધ નહી કરાતા નગરના બુલાફળી, કોટાકડી ભાગોળ જેવા લઘુમતી વિસ્તારોના રહીશોમાં રોષ ઉઠ્યો હતો. બુલાફળીના શકીલ મજીદભાઈ દાદુના જણાવ્યા મુજબ શૌચાલય માટે જરૂરી ખાળકૂવો (ગટર) એજન્સી દ્વારા ખોદાયા પછી યોગ્ય રીતે બંધ કરાતી નથી. જરૂરી લેવલીંગના અભાવે માર્ગ ઉપર અડચણો ઉભી થઈ રહી છે અને લોકોને હાલાકી ભોગવવાનો વારો આવે છે. અંગે શૌચાલય બનાવી રહેલ એજન્સીને જાણ કરતા કોન્ટ્રાક્ટર કંઈ સાંભળવા તૈયાર નથી અને જાવ ત્યારે જાતે જાતે કરી લો કહી નગરપાલિકામાં રજુઆત કરવા જણાવે છે. કોટાકડી ભાગોળના રફીકભાઈના જણાવ્યા મુજબ વારંવાર જાણ કરવા છતાં કઈ કાર્યવાહી હાથ ધરાતી નથી.

## બનાસકાંઠા આરટીઓ ચેક પોસ્ટ પરથી ઝડપાયેલો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચારનો રેલો પાલનપુર સુધી પહોંચ્યો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠાની આરટીઓ ચેક પોસ્ટ પરથી ઝડપાયેલો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચારનો રેલો પાલનપુર સુધી પહોંચ્યો છે. એકાએક રાજ્ય સરકારના વાહનચાલકો પાસેથી ગેરકાયદેસર રીતે ઉઘરામણા કરતા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર મામલે ગાંધીનગર એસીબીની ટીમે દરોડા પાડી કૌભાંડીઓને ઝડપી પાડ્યા હતા. આ કૌભાંડમાં જયેશ પટેલને રૂ. ૨૨




લાખની રોકડ સાથે પાલનપુર ખાતેથી ઝડપી પાડ્યો હતો. સાથે અન્ય આરોપીને પણ ઝડપી પાડ્યા હતા. હાલ આ નેટવર્કનો પર્દાફાશ થતા વાહનવ્યવહાર વિભાગમાં અનેક અટકળો તેજ બની છે અને જાહેર કરવામાં આવેલા વાહનવ્યવહાર મંત્રાલય પરિપત્રએ પણ ચર્ચા જગાવી છે અને આગામી સમયમાં આ અનેક મોટા માથાના નામ બહાર આવે તેમ છે.

બનાસકાંઠા જિલ્લાની આરટીઓ ચેક પોસ્ટ પર લાંબા સમયથી ચાલતા ઓવરલોડ વાહનોવાળા વાહન વ્યવહાર વિભાગે જ્યારે કોઈ રેડમાં ગેરરીતિ ઝડપાઈ ત્યારે ખાતાકીય તપાસ બાદ જ સરકારી આરટીઓ અધિકારીઓ સામે પોલીસ કાર્યવાહી કરવી તેવો પરિપત્ર બહાર પડતા પ્રજાજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## ડીસા તાલુકા પી.આઈ.ને ''દારૂબંધી''માટે જાગીરદાર સમાજ પ્રમુખે આપ્યું આખરી અલ્ટીમેટમ

ડીસા, તા. ૬

બનાસકાંઠા જિલ્લામાં 'વ્યસન મુક્તિ અભિયાન'ની સહુ પ્રથમ જ્યોત જગાડનાર જાગીરદાર ક્ષત્રિય સમાજના ગુજરાત પ્રમુખ બાદરસિંહ વાઘેલાએ આજે આગેવાનો સાથે કેટલાક ગામોમાં દારૂબંધી કરવા ડીસા તાલુકા પોલીસને આખરી લેખિત અલ્ટીમેટમ આપ્યું હતું. અને નિયત મુદતમાં જો દારૂ બંધી નહી કરાય તો જનતા રેડ કરશે અને તે બાદ બનતી અનિચ્છનીય ઘટના અને બીજું કઈ થાય તો તે માટે પોલીસની જવાબદારી રહેશે તેવું જણાવતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠામાં 'દારૂબંધી' માટે સહુ પ્રથમ ભડથ ગામે બે માસ અગાઉ સભા યોજાઈ હતી અને તે બાદ ગામે ગામ દારૂબંધી અને વ્યસન મુક્તિ અભિયાન શરૂ થતા અહીં ૪૦૦થી વધુ ગામો વ્યસનમુક્ત બન્યા છે. જોકે કેટલાક ગામો હજુ પણ દારૂબંધીથી બાકાત રહેતા ત્યાં છૂટથી દારૂનું વેચાણ અને નશો કરવામાં આવે છે. જે બાબતે ભડથ ગામના આગેવાનો અને જાગીરદાર સમાજના ગુજરાત પ્રમુખ બાદરસિંહ વાઘેલાએ ખેદ વ્યક્ત કર્યો હતો. તેમને જણાવ્યું હતું કે 'દારૂબંધી' અમલીકરણની જવાબદારી પોલીસની છે. પોલીસ જ્યારે નિષ્ક્રિય બને છે ત્યારે જ જનતા કાયદો હાથમાં લે છે. જોકે આજે પણ ડીસાના ધાનપુર-ડાવસ-રોબર્સ-જાવલ-કંસારી-વિથોડર ગામમાં માથાભારે ઈસમો દારૂ વેચાણ કરી રહ્યા છે. જે દુઃખદ બાબત છે તેમને આ મામલો ગંભીર ગણાવ્યો હતો અને આજે આગેવાનો સાથે ડીસા તાલુકા પોલીસ અધિકારીને એક લેખિત ફરિયાદ કરી આ તમામ બાબતોમાં તાત્કાલિક દારૂબંધી કરવા રજૂઆત કરી હતી. તેમણે એવી ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો નિયત સમયમાં પોલીસ દારૂબંધી અમલીકરણની જવાબદારી નહિ નિભાવે તો અમે જનતા રેડ કરીશું અને તે બાદ બનતી અનિચ્છનીય ઘટના અને બીજુ કઈ થાય તો તે માટે પોલીસની જવાબદારી રહેશે તેવું જણાવતા પોલીસતંત્ર આ અલ્ટીમેટમ પહેલા દારૂબંધી માટે કમર કસી રહ્યું છે.

## શામળાજી ચેકપોસ્ટ પરથી ૨૪ કલાકમાં ૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જાણીતા ધાર્મિકસ્થળ શામળાજી નજીક આવેલા રંગપુર ગામની સીમમાંથી અને રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસે ૨૪ કલાકમાં નવી કાર અને ટ્રકમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ૨૬૪૮૧૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે કાર ચાલક અને ટ્રકચાલક વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટનો રાજ્ય અને આંતરરાજ્ય બુટલેગરો દ્વારા ગુજરાતની દારૂબાંધીનો ફાયદો ઉઠાવવા ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઘુસાડી નાણા રળી લેવા હંમેશા સક્રિય રહી નીતનવા નુસ્ખા અપનાવી દરરોજ લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવામાં આવતો હોય છે. શામળાજી પોલીસે ૨૪ કલાકની અંદર ૨૬૪૮૧૦૦રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે શુક્રવારે રાત્રીના સમયે હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા રંગપુર ગામની સીમમાંથી સઘન પેટ્રોલીંગ હાથ ધરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકિંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી નવી શેવરોલેટ એવીઓ કારનો ચાલક પોલીસ ચેકિંગ જોઈ કાર મુકી ફરાર થઈ જતા પોલીસે કારની તલાશી લેતા કારમાંથી જુદી જુદી બ્રાન્ડની કુલ ૪૬૫ નંગ બોટલ કિં. રૂ. ૨૩૯૭૦૦ તથા કારની કિંમત રૂ. ૩ લાખ મળી કુલ ૫,૩૯,૭૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે શનિવારે બપોરે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી આવતી ટ્રકની ગતિ શંકાસ્પદ જણાતા અટકાવી તલાશી લેતા ટ્રકની અંદર તાડપત્રી નીચે છુપાવીને રાખેલી વિદેશી દારૂની ૪૭૧ પેટી નંગ કુલ ૭૪૧૮ બોટલ કિંમત રૂ. ૨૪૦૮૪૦૦ તેમજ ટ્રકની કિંમત રૂ. ૧૦૦૦૦૦ મળી કુલ ૩,૪૦૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શામળાજી પોલીસે ૨૪ કલાકની અંદર કુલ ૨૬૪૮૧૦૦રૂ.નો વિદેશી દારૂ તથા ૩૯૪૮૧૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલક અને ટ્રકચાલક વિરૂદ્ધ પ્રોહિબેશન એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ) (ઈ), ૧૧૬ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તેમજ ચંદ્રસિંહ બાપુ અને તેમની ટીમે રાજસ્થાનમાંથી ગેરકાયદેસર ઘૂસાડાતો વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

## હિંમતનગરમાં પશુ સુધારણા યોજનાના નવીન મકાનનું ભૂમિપૂજન

હિંમતનગર,તા. ૬

તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૬ના સોમવારના સવારના ૯.૦૦ કલાકે હિંમતનગરના મહેતાપુરા ખાતે કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા તથા ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના નવિન મકાનનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે.

## પોશીનામાં મહિલાને ત્રાસ અપાતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૬

ઈડર તાલુકાના પોશીના ગામે રહેતા ટ્રીંકલબેન છગનભાઈ પટેલને દહેજના મામલે રોહિતભાઈ નાથાભાઈ પટેલ, નાથાભાઈ નાગજીભાઈ પટેલ, ગંગાબેન નાથાભાઈ પટેલ અને નિલમબેન પટેલ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માગણી કરવામાં આવતી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી અપાતા ટ્રીંકલબેને ચારેય સાસરીયા વિરૂદ્ધ ગુરૂવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મોતીપુરાની શરણમ સોસાયટીમાં ચોરી

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલી શરણમ સોસાયટીના એક બંધ મકાનને તસ્કરે નિશાન બનાવી ગત શનિવારથી બુધવારના સમયગાળા દરમિયાન ઘરની તિજોરી તોડી અંદરથી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના મળી રૂ. ૨૪,૮૦૦ની માલમત્તા ચોરી ગયા હતા. જે અંગેની રહીશને બુધવારે જાણ થતા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર મુળ દેશોતરના વતની અને હાલમાં હિંમતનગરના મોતીપુરાની શરણમ સોસાયટીમાં રહેતા અલ્કેશકુમાર ગોવિંદભાઈ દેશોતરા તા. ૩૦ જાન્યુઆરીના રોજ કોઈ સામાજિક કામે પોતાના વતનમાં ગયા હતા. તે દરમિયાન કોઈ તસ્કરે તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી તિજોરીનું પણ લોક તોડી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો.




શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ મોડાસામાં ૬ ફેબ્રુઆરીના રોજ સામાજિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કપડાં વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંસ્થા સંલગ્ન સામુદાયિક સેવા ધારા અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા મોડાસાના ઓધારીનગર, શાસ્ત્રી મેદાન, ભરવાડ હોસ્ટેલ વિસ્તાર, મેઘરજ રોડ વગેરે વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ ગરીબ લોકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. સુધીર ગી. જોષીએ વિદ્યાર્થીઓની આ સેવાભાવી પ્રવૃત્તિને બિરદાવી હતી.



સરસ્વતી તાલુકાના વાપડ ખાતે આજરોજ વાપડ ગામ ખાતે બપોરના સુમારે બે પક્ષો કોઈ અગમ્ય કારણોસર એક બીજાના સામે આવી જતા ૮ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે શિહોરી રેફરલ ખાતે સારવાર માટે લવાયા હતા.

## મોડાસાના લીમડા તળાવના કિનારે જુગાર રમતા પાંચ શકુનિયો ઝડપાયા

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કોલેજ પાછળ આવેલા લીમડા તળાવના કિનારા પર છેલ્લા કેટલાક સમયથી જુગારીઓએ હાર-જીતની બાજી લગાવી ખુલ્લેઆમ જુગાર રમતા ૫ શકુનીયોને ઝડપી પાડી પાંચેય જુગારીયાઓ વિરૂદ્ધ જુગારધારા હેઠળ જેલના હવાલે ધકેલી દઈ સ્થળ પરથી રૂ. ૧૯,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા શહેરના કોલેજ પાછળ આવેલા લિમડા તળાવ કિનારે જુગારની હાર-જીતની જાહેરમાં બાજી લગાવતા જાણે પોલીસતંત્રનો કોઈ જ ડર ન રહ્યો હોય તેમ ખુલ્લેઆમ કેટલાક અસામાજીક તત્વો ખુલ્લેઆમ જુગાર રમતા અને જુગાર રમાડવામાં આવતો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી. ત્યારે ગુરૂવારે મોડાસા ટાઉન પોલીસે બાતમીના આધારે બપોરે છાપો મારતા ખુલ્લામાં જુગાર રમવા પાંચ શખ્સો ગુલુભાઈ મેણા (રહે. ૭૫, સાબલીયા સ્ટેટ, ડુઘરવાડા રોડ), અશરફ ગુલાબ મુલતાની (રહે. રાણાસૈયદ), માં. સાજીદ અજમેરી (અકરમપાર્ક, મદની સ્કૂલ પાછળ), મોહસીન મુસ્તુફાભાઈ શાવ (સહારા સોસાયટી), માં. હનીફ ખલીફા (સહારા સોસાયટી) વસામ રહે. મોડાસાને દબોચી લીધા હતા. જુગારીયાઓએ દાવ પર માંડેલ રૂ. ૯,૨૦૦ રોકડા, ૪ મોબાઈલ કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી કુલ ૧૯,૨૦૦રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી ઝડપાયેલા જુગારીયાઓ સામે કડક કાર્યવાહિ હાથ ધરતાં શહેરમાં જુગાર રમતા અન્ય ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.